ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં સહાયની રકમમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૨૧/૫૧૮૩૬૬/ન.બા.૦૧/ગ
સચિવાલય, ગાંધીનગર
તા:૭/૭/૨૦૨૨

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૨૧/૫૧૮૩૬૬/ન.બા.૦૧/ગ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૦૨/૦૫/૨૦૨૨નો પત્ર ક્રમાંક: અજાક/મ/૫/૨૦૨૨/૪૫૦૫

આમુખ:

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના ઠરાવથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં યુગલદીઠ રૂ.૨.૫૦ લાખની સહાય આપવામાં આવે છે. આ યોજના કેન્દ્ર પુરસ્કૃત યોજના છે.

કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાં કેન્દ્ર ફાળા અને રાજ્ય ફાળા માટે અલગ અલગ પેટા સદરો ખોલાવવાના થતા હોવાથી આ યોજનામાં (૨૧) SCW-૪૭ ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના (CSS 50%), (૨૨) SCW-૪૭ ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના (State 50%) અને (૨૦) SCW-૪૭ ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના (Additional State liability) (Top Up) એમ ત્રણ નવા પેટા સદરો ખોલાવેલ છે. આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના ઠરાવથી માંગણી ક્રમાંક : ૯૫, મુખ્ય સદર : ૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુ.જનજાતિ આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ, પેટા મુખ્ય સદર : ૦૧-અનુજાતિનુ કલ્યાણ, ગૌણ સદર : ૭૮૯-અનુસૂચિત જાતિઓ માટેની ખાસ અંગીભૂત યોજના, પેટા સદર : (૨૧) SCW-૪૭ ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના(CSS 50%) બજેટ સદર હેઠળ ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપેલ છે. પરંતુ પેટા સદર (૨૨) SCW-૪૭ ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના(State 50%) અને (૨૦) SCW-૪૭ ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના (Additional State liability) (Top Up) હેઠળ ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપેલ નથી. આથી, વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરે આ યોજના હેઠળ ખોલવામાં આવેલ નવા પેટા સદરો પૈકી વહીવટી મંજૂરી આપવાના બાકી પેટા સદરો હેઠળ ખર્ચ કરવાની મંજૂરી માટે દરખાસ્ત કરવામાં આવેલ છે. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં નીચે મુજબના બજેટ સદર હેઠળ ખર્ચ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

માંગણી ક્રમાંક : ૯૫,

મુખ્ય સદર : ૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુ.જનજાતિ આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ,

પેટા મુખ્ય સદર : ૦૧-અનુસૂચિત જાતિનુ કલ્યાણ,

ગૌણ સદર : ૭૮૯- અન્ય ખર્ચ,

પેટા સદર : (૨૨) SCW-૪૭ ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના **(State 50%)**

અને

પેટા સદર : (૨૦) SCW-૪૭ ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના

**(Additional State liability) (Top Up)**

આ ઠરાવ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨/૭/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અનવ્યે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

JPVasava

( જે. પી. વસાવા )

નાયબ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા.ક)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સા.ન્યા. અને અ.વિ. સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ)ના ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.અને અધિકારિતા વિભાગ), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી(બજેટ, કોમપ્યુટર સેલ) સા.ન્યા. અને અ.વિ. , સચિવાલય, ગાંધીનગર, વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૨